GujaratStudy.com

Seat No. : ______________

# TA-132

**B.Ed. Sem.-II**
**April-2013**

## B-501 : Gujarati Method & Content

**ગુજરાતી વિષયવસ્તુ અને પદ્ધતિ**

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

GujaratStudy.com
GujaratStudy.com

૧. (અ) નીચેના પ્રશ્નોમાંથી ગમે તે **એક** પ્રશ્નનો ઉત્તર આશરે **૭૫૦** શબ્દોમાં આપો : ૧૦

(૧) 'જૂનું પિયરઘર' કાવ્યનાં કર્તાનો પરિચય આપી કાવ્યના મુખ્ય ભાવાર્થ અંગે વિસ્તૃત નોંધ તૈયાર કરો.

(૨) 'પૃથ્વીવલ્લભ' શબ્દને યોગ્ય રીતે સ્પષ્ટ કરતી નોંધ તૈયાર કરી તેને આધારે પાઠનાં મુખ્ય પાત્રો પૈકી મુંજ, તૈલપ અને મૃણાલવતીનું પાત્રાલેખન કરો.

(બ) નીચેના પ્રશ્નોમાંથી ગમે તે **એક** પ્રશ્નનો જવાબ આશરે **૧૨૫** શબ્દોમાં આપો : ૪

(૧) ક.મા. મુનશીનો ટૂંકમાં પરિચય આપો.

(૨) 'આક્કા' નું ચરિત્રચિત્રણ આલેખો.

(૩) 'અતિજ્ઞાન' કાવ્યની કરૂણતા તમારા શબ્દોમાં વર્ણવો.

૨. (અ) નીચેના પ્રશ્નોમાંથી ગમે તે **બે** પ્રશ્નોના ઉત્તર આશરે **૧૦૦** શબ્દોમાં આપો : ૬

(૧) 'સામાન્ય રીતે કાવ્ય શિક્ષણ નબળું જણાય છે.' શા માટે ?

(૨) તાસ આયોજન અને એકમ આયોજન વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

(૩) કાવ્ય શિક્ષણના સામાન્ય હેતુઓ નોંધો.

(બ) નીચે આપેલા પ્રશ્નો પૈકી કોઈપણ **એક** પ્રશ્નનો જવાબ આશરે **૫૦૦** શબ્દોમાં આપો : ૮

(૧) વ્યાકરણ શિક્ષણની વિવિધ પદ્ધતિઓ જણાવી તમે કઈ પદ્ધતિ પસંદ કરશો ? શા માટે ? સ્પષ્ટતા કરો.

(૨) એકમ આયોજનનો અર્થ સ્પષ્ટ કરી તેનું મહત્ત્વ અને સોપાનો જણાવો.

૩. (અ) નીચેના પ્રશ્નોમાંથી ગમે તે **એક** પ્રશ્નનો આશરે **૭૫૦** શબ્દોમાં ઉત્તર આપો : ૧૦

(૧) વાચન કૌશલ્યની સંકલ્પના સ્પષ્ટ કરી વાચનદોષના કારણો અને ઉપાયો જણાવો.

(૨) લેખન કૌશલ્યનું મહત્ત્વ સ્પષ્ટ કરી તેમાં જણાતી સામાન્ય ભૂલોનાં કારણો અને તેના નિવારણના ઉપાયો સૂચવો.



GujaratStudy.com

GujaratStudy.com

(બ) નીચે આપેલા પ્રશ્નો પૈકી કોઈપણ **એક** પ્રશ્નનો ઉત્તર આશરે **૧૨૫** શબ્દોમાં લખો : ૪

(૧) જૂથચર્ચા પદ્ધતિનાં લાભાલાભ ચર્ચો.

(૨) વાચન કૌશલ્યની ઉપયોગિતા ચર્ચો તથા તેને યોગ્ય દિશામાં વાળવા માટે શિક્ષક તરીકે તમે કયા ઉપાય સૂચવશો તે જણાવો.

(૩) ભાષા શિક્ષણમાં ઉપયોગી દૃશ્યસાધનોના નામની યાદી આપી તેનું મહત્ત્વ સ્પષ્ટ કરો.

૪. (અ) નીચેના પ્રશ્નોમાંથી ગમે તે **બે** પ્રશ્નોનાં ઉત્તર ૧૦૦ શબ્દોમાં આપો : ૬

(૧) ધોરણ-૯ના કોઈપણ એક એકમને અનુલક્ષી બે અનાત્મલક્ષી મૂલ્યાંકન કસોટી તૈયાર કરો.

(૨) ભાષા પ્રયોગશાળા એટલે શું ? તેનું મહત્ત્વ જણાવો.

(૩) ભાષાખંડની સજાવટ કરતી વખતે કઈ કઈ બાબતોનો ખ્યાલ રાખશો ?

(બ) નીચેના પ્રશ્નોમાંથી ગમે તે **એક** પ્રશ્નનો ઉત્તર આશરે **૫૦૦** શબ્દોમાં આપો. ૮

(૧) ભાષા શિક્ષકની શૈક્ષણિક સજ્જતા જણાવી તેણે સફળ ભાષાશિક્ષક બનવા માટે કેવા ગુણો કેળવવા જોઈએ તે વિષે નોંધ તૈયાર કરો.

(૨) બ્લ્યુ પ્રિન્ટનું મહત્ત્વ સમજાવી બ્લ્યુપ્રિન્ટની રચના સમયે કઈ-કઈ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ તે અંગે નોંધ તૈયાર કરો.

GujaratStudy.com

GujaratStudy.com

૫. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો : **૧૪**

(૧) વાચનનાં પ્રકાર જણાવો.

(૨) કાવ્યશિક્ષણની કોઈ બે પદ્ધતિ જણાવો.

(૩) ભાષાશિક્ષણ માટે ઉપયોગી કોઈપણ બે શૈક્ષણિક સાધનના નામ લખો.

(૪) મૂલ્યાંકન ત્રિકોણમાં કઈ ત્રણ બાબતો સમાવિષ્ટ હોય છે ?

(૫) 'અતિજ્ઞાન' ખંડકાવ્યના કવિ કોણ છે ?

(૬) 'ભિલ્લમ'નું પાત્ર કયા પાઠમાં આવે છે ?

(૭) પાઠ્યપુસ્તક ઉપરાંત વિશેષ માહિતી માટે શેનો ઉપયોગ અનિવાર્ય છે ?

(૮) અનુલેખનની પ્રવૃત્તિ કયા કૌશલ્યના વિકાસ માટે કરાવાય છે ?

(૯) મૂકવાચન માટે બીજો કયો શબ્દ વપરાય છે ?

(૧૦) 'ઘરમાં પોપટ રાખ્યો છે તેને છોડી મૂકીએ' 'આક્કા' પાઠમાં આવતું આ વાક્ય કોણ બોલે છે ?

(૧૧) વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાન દ્વારા કયું કૌશલ્ય પ્રાપ્ત થાય છે ?

(૧૨) 'શબ્દકોષ' કયા પ્રકારનું શૈક્ષણિક સાધન છે ?

(૧૩) 'જૂનું પિયરઘર' કાવ્યનો પ્રકાર કયો છે ?

(૧૪) મુંજ ક્યાંનો રાજવી હતો ?



GujaratStudy.com